RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 267, Dt.29-1-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહાકુંભમાં નાસભાગ થતા ૨૦ શ્રદ્ધાળુઓના મોત

## મૌની અમાવસ્યાના અમૃત સ્નાન માટે ૮ – ૧૦ કરોડ શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે દુર્ઘટનાઃમંગળ રાત્રી બની અમંગળ

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

મહાકુંભમાં મૌની અમાવસ્યા પર તાાન માટે ભીડ વધી જવાથી ભાગદોડ મચી ગઈ. મંગળવાર-બુધવારે રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રયાગરાજના સંગમ કિનારે જ્યારે મૌની અમાવસ્યા પર તાાન કરવા માટે અચાનક ભીડ વધવા લાગી. લોકો મુખ્ય સંગમ પર જ તાાન કરવાનો આગ્રહ રાખવા લાગ્યા. પછી અચાનક વધતી ભીડના દબાણને કારણે મેળામાં નાસભાગ મચી ગઈ. ચારે બાજુ ચીસો પડી રહી હતી. નાસભાગ મચી ગઈ. આમાં ૨૦ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. ૫૦થી વધુ ઘાયલ થયા છે. સ્વરૂપ રાની હોસ્પિટલમાં હાજર રિપોર્ટરના જણાવ્યા અનુસાર ૨૦ મળતદેહો પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યા છે. જોકે, વહીવટીતંત્રે મળત્યુ કે ઘાયલોની સંખ્યા અંગે કોઈ માહિતી આપી ન હતી.

મહાકુંભમાં, મૌની અમાસ પર તાાન કરવાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. આના કારણે દેશના ખૂણે ખૂણેથી લોકો પ્રયાગરાજ પહોંચી રહ્યા હતા. ભાગદોડ સમયે હાજર રહેલા લોકલ-૧૮ના રિપોર્ટર રજનીશ યાદવે તેમના પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ જણાવ્યું હતું કે, રાત્રે ૧ વાગ્યાની આસપાસ સંગમની આસપાસ અચાનક ભીડ વધી ગઈ હતી. મહાકુંભમાં તાાન માટે ૪૫ ઘાટ બનાવવામાં આવ્યા છે, પરંતુ લોકો મુખ્ય સંગમ પર જ તાાન કરવાનો આગ્રહ રાખવા લાગ્યા. જેના કારણે ભીડ એકબીજાને ધક્કો મારતા આગળ વધવા લાગી. જેના કારણે ભીડને કાબૂમાં લેવા માટે મૂકવામાં આવેલા બેરિકેડ તૂટવા લાગ્યા. થોડી વારમાં જ કેટલીકસ્ત્રીઓનો શ્વાસ રૂંધાવા લાગ્યો અને તેઓ નીચે પડવા લાગી. જેના કારણે નાસભાગ વધુ વધી ગઈ અને લોકો બૂમો પાડવા લાગ્યા. તે દ્રશ્ય ખૂબ જ ડરામણું હતું. બાદમાં કોઈક રીતે વહીવટી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. જેમણે પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો. ઘાયલોને ડઝનબંધ એમ્બ્યુલન્સની મદદથી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અકસ્માત સ્થળ તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. જ્યાં ભક્તોના ચપ્પલ અને સામાન વેરવિખેર પડ્યા હતા.

માહિતી અનુસાર, ભાગદોડ બાદ વહીવટીતંત્રે મહાકુંભની વ્યવસ્થામાં ફેરફાર કર્યા છે. મહાકુંભમાં ભીડ ડાયવર્ઝન યોજના લાગુ કરવામાં આવી છે. મેળા વિસ્તારમાં ભક્તોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમની ભીડ શહેરની બહાર રોકી દેવામાં આવી છે.

ભાગદોડ બાદ, વહીવટીતંત્રની વિનંતી પર, બધા ૧૩ અખાડાઓએ આજે મૌની અમાવાસ્યાના અમળત તાાનને રદ કર્યું હતું. આ પછી અખાડાઓએ એક બેઠક યોજી. એવું નક્કી થયું કે અમળત તાાન ૧૦ વાગ્યા પછી કરવામાં આવશે. પીએમ મોદી અને ગળહમંત્રી અમિત શાહે ફોન પર સીએમ યોગી પાસેથી ઘટના વિશે પૂછપરછ કરી. હવે અધિકારીઓ હેલિકોપ્ટરથી મહાકુંભનું નિરીક્ષણ કરી રહ્યા છે.

ગ્રાઉન્ડ ઝીરો પર હાજર દૈનિક પત્રકારોના જણાવ્યા અનુસાર, અફવાને કારણે સંગમ નોઝ પર નાસભાગ મચી ગઈ હતી. કેટલીકસ્ત્રીઓ જમીન પર પડી ગઈ અને લોકો તેમને કચડીને પસાર થઈ ગયા. અકસ્માત પછી, ૭૦ થી વધુ એમ્બ્યુલન્સ સંગમ કિનારા પર પહોંચી ગઈ. આ દ્વારા ઘાયલો અને મળતકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

અકસ્માત પછી, ગજરાજ કમાન્ડોએ સંગમ કાંઠે ચાર્જ સંભાળ્યો. સંગમ નાક વિસ્તારમાં સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ભીડ વધુ ન વધે તે માટે, ભક્તોને પ્રયાગરાજ શહેરમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ માટે શહેરની સીમાને અડીને આવેલા જિલ્લાઓમાં વહીવટીતંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

આજે મહાકુંભમાં મૌની અમાસ તાાન છે, જેના કારણે શહેરમાં લગભગ ૫ કરોડ ભક્તો હાજર રહે તેવી અપેક્ષા છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, આજે મોડી રાત સુધી સંગમ સહિત ૪૪ ઘાટ પર ૮ થી ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ પવિત્ર ડૂબકી લગાવે તેવી અપેક્ષા છે.

આના એક દિવસ પહેલા, એટલે કે મંગળવારે, ૫.૫ કરોડથી વધુ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી હતી. સમગ્ર શહેરમાં સુરક્ષા માટે ૬૦ હજારથી વધુ સૈનિકો તૈનાત છે.

### અમે મદદ માગતા હતા પણ કોઈ ન આવ્યું

એક મહિલાએ જણાવ્યું હતું કે, અમારા લોકો વચ્ચે બહારનાં લોકો ઘુસી આવેલા અને ધક્કા મારીને આગળ ચાલ્યા ગયા હતા. આ મહિલાએ એવો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે અમે મદદ માટે ચીસો પાડી રહ્યા હતા. પણ કોઈ પોલીસ કે પ્રશાસન મદદે નહોતું આવ્યું ત્યાં અહી સીઆરપીએફનાં જવાનો પણ નહોતા. કર્ણાટકની મહિલા વિદ્યા સાહુએ જણાવ્યું હતું કે, અમે લોકો જઈ રહયા હતા ત્યારે ઉલ્ટી દિશામાંથી લોકોનું ઝૂંડ આવ્યું અને અમને બધાને દબાવીને આગળ નીકળી ગયુ હતું.

### ચીસો અને સાયરનનો અવાજ ગુંજતો રહ્યો

એક અન્ય મહિલાએ જણાવ્યું હતું કે, હું સંગમ તરફ નહાવા જઈ રહી હતી. અચાનક ભાગદોડ મચી ગઈ. મને કંઈ સમજમાં નહોતું આવતું થોડીવાર પછી ખબર પડી કે ભાગદોડ મચી ગઈ છે. ચીસો વચ્ચે એમ્બ્યુલન્સની સાયરન ગુંજી રહી હતી અને પોતાના સ્વજનોને શોધી રહ્યા હતા. ચિત્રકુટના ઈન્દ્રપાલે જણાવ્યું હતું કે, અમે ભીડમાં ફસાઈ ગયા હતા અમે બહાર નીકળવામાં સફળ થયા હતા.



બીજા સૌથી પવિત્ર અમૃત સ્નાન માટે ગઈકાલથી જ ભારે ભીડ ઉમટી હતી : કોઈ અફવાથી અચાનક જ મધરાતે ૧.૩૦ કલાકે લાખો લોકો આડેધડ નાસવા લાગતા સેકડો કચડાયા : મૃત્યુઆંક વધવાનો ભય

# રાજકોટમાં બેટ્સમેનોની ફ્લોપ બેટિંગ થી ભારત હાર્યું

## ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી જીવંત : વરૂણ ચક્રવર્તીએ પાંચ વિકેટો ખેડવીને ભારતનો હાથ ઉપર કર્યો પણ ઈંગ્લેન્ડની છેલ્લી વિકેટની ભાગીદારી ભારે પડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રાજકોટમાં રમાયેલા ત્રીજા ટી-૨૦ મેચમાં ભારતની ૨૬ રને હાર થતા શ્રેણી જીવંત રહી છે. ભારતીય સ્પીનર વરૂણ ચક્રવર્તીની નફીરકીથમાં ઈંગ્લીશ ક્રિકેટરો સપડાયા હતા અને બહુ મોટો જુમલો ખડકી શકયા ન હતા.પરંતુ ભારતીય બેટરો કાંઈ ઉકાળી ન શકતા પરાજયનો સામનો કરવો પડયો હતો. પાંચ મેચની વર્તમાન શ્રેણીમાં હવે ભારત ૨-૧ થી આગળ રહ્યું છે.

રાજકોટના લીલાછમ ઘાસ ધરાવતા મેદાન અને ક્રિકેટ પ્રેમીઓથી ખીચોખીચ ભરેલા સ્ટેડીયમમાં ભારે ઉત્સાહ અને રોમાંચ વચ્ચે ભારતનો ઈંગ્લેન્ડ સામેનો ત્રીજો ટી-૨૦ મેચ રમાયો હતો.સપાટ અને બેટીંગ પેરેડાઈઝ વિકેટ પર હાઈ સ્કોરીંગ મેચ થવાની અટકળોથી ચોકા-છગ્ગાનો વરસાદ થવાની આશા સાથે ક્રિકેટ પ્રસંશકો ઉમટયા હતા.

સ્ટેડીયમ ક્રિકેટ પ્રેમીઓથી હાઉસફુલ બન્યુ હતું. ઈંગ્લેન્ડને પ્રથમ દાવ લેવા મેદાને ઉતારાયા બાદ બીજી જ ઓવરમાં તેના ઓપનર સોલ્ટની વિકેટ હાર્દિક પંડયાએ ખેડવી નાખતા દર્શકોએ હર્ષની ચીચીયારીઓથી સ્ટેડીયમ ગજાવી દીધુ હતું જોકે બીજી વિકેટમાં ડકેટ તથા કપ્તાન બટલરે ૭૬ રનની આક્રમક પાર્ટનરશીપ કરી હતી ૯ ઓવરમાં જુમલો ૮૩ રને પહોંચાડી દીધો હતો.

બન્ને બેટરોએ ભારતીય બોલરોની ધોલાઈ કરીને હંફાવતા રહ્યા હતા અને ત્યારે ભારતીય સ્પીનર વરૂણ ચક્રવર્તીની ફીરકી શરૂ થઈ હતી. જોશ બટલરને વરૂણ ચક્રવર્તીએ વિકેટ પાછળ સપડાવ્યો હતો. ડીઆરએસમાં તેને આઉટ અપાયો હતો. તેણે ૨૨ દડામાં એક ચોકા અને એક છગ્ગા સાથે ૨૪ રન ઝુડયા હતા.

બટલર કરતા પણ વધુ આક્રમક ડકેટે ૨૪ દડામાં ફીફટી પૂર્ણ કરી હતી. ત્યાં અક્ષર પટેલ ત્રાટક્યો હતો અને ડકેટને ૫૧ રને આઉટ કર્યો હતો. તેણે બે છગ્ગા અને સાત ચોગ્ગા સાથે ૨૮ દડામાં ૫૭ રન કર્યા હતા.

આ જોડીની રવાનગી બાદ ઈંગ્લેન્ડની વિકેટો નિયમીત અંતરે ખડવા લાગી હતી. હેરી બ્રુકને ૮ રને રવિ બિશ્નોઈએ શિકાર કર્યો હતો. ત્યારબાદ જેમી સ્મીથને ૬ રને ચક્રવર્તિએ સપડાવ્યો હતો.બીજા જ દડે જેમી આર્ટરટનને પણ ચક્રવર્તીએ બોલ્ડ કર્યો હતો. આ પછી કર્સેને ૪ તથા જોફ્રા આર્ચરને શુન્ય રને આઉટ કર્યા હતા આ સાથે વરૂણે પાંચ વિકેટ ખેડવી હતી એક છેડો સાચવીને ઉભેલા લિવીંગ્સ્ટને પાંચ છગ્ગા ફટકારીને ૨૪ દડામાં ૪૩ રન ઝૂડયા હતા.

ત્યારે હાર્દિક પંડયાએ તેને આઉટ કરતા ઈંગ્લેન્ડ ૧૪૭ રનમાં ૯ વિકેટ ગુમાવી બેઠુ હતું.ઈંગ્લેન્ડ પુરી ૨૦ ઓવર નહિં રમી શકે તેવુ ચિત્ર હતું પરંતુ આદિલ રશીદ અને માર્ક વુડ છેલ્લે સુધી ટકી ગયા હતા અને ૧૦-૧૦ રને અણનમ રહ્યા હતા. ઈંગ્લેન્ડે નિર્ધારીત ૨૦ ઓવરમાં જુમલો ૯ વિકેટે ૧૭૧ રને પહોંચાડી દીધો હતો.

રાજકોટની બેટીંગ વિકેટ પર ભારત સરળતાથી જીતી જશે તેવા આશાવાદ સાથે દર્શકોનો ઉત્સાહ-રોમાંચ બેવડાયો હતો સંજુ સેમસન તથા અભિષેકની જોડી મેદાને આવતા જ હર્ષની ચીચીયારીથી મેદાન ગજવી દીધુ હતું સેમસન ૩ રને આઉટ થતાં ભારતને પ્રથમ ઝાટકો લાગ્યો હતો. અભિષેકે ધડાધડ પાંચ ચોકકા ફટકારતાં દર્શકો રોમાંચીત હતા પરંતુ ૧૪ દડામાં ૨૪ રન બનાવીને તે આઉટ થયો હતો.

કપ્તાન સુર્યકુમાર યાદવ પણ ૧૪ રન બનાવીને વધુ એક વખત ફલોપ થતાં દર્શકોમાં સન્નાટો પ્રસરી ગયો હતો.કેટલીક ઈનીંગ્સથી અણનમ રહેવાનો રેકોર્ડ ધરાવતો તિલક વર્મા પણ ૧૮ રને ઉડતા ભારતને વધુ એક ઝટકો લાગ્યો હતો. વોશીંગ્ટન સુંદર પણ ઝીંકી ઝીલી શકયો ન હતો ૬ રને આઉટ થતાં ભારત ૮૫ રનમાં પાંચ વિકેટ ગુમાવી બેઠુ હતું. હાર્દિક તથા અક્ષરે ૪૮ રનની ભાગીદારી કરી હતી. ત્યારે અક્ષર ૧૫ રને આઉટ થયો હતો. આ પછી હાર્દિક પણ ૪૦ રને આઉટ થતા ભારતની જીતની આશા ધુંધળી થઈ ગઈ હતી. હાર્દિક એક ચોગ્ગો તથર બે છગ્ગા સાથે ૪૦ રન બનાવ્યા હતા. ધ્રુવ જુરેલ કે અન્ય ખેલાડી ભારતની નૌકાને પાર લગાવી શકયા ન હતા. ૨૦ ઓવરમાં ભારત ૯ વિકેટે ૧૪૫ રન જ કરી શકયુ હતું અને ૨૬ રને પરાજીત થયુ હતું.

રાજકોટના મેદાન પર ૨૦૧૭ બાદ પ્રથમ વખત ભારતની ટી-૨૦ મેચમાં હાર થઈ હતી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રાજકોટના ભેજાબાજ પિતા પુત્રએ વડોદરાના વેપારીને ૬૧ લાખનો ચુનો ચોપડ્યો

## સ્ક્રેપનો માલ મંગાવ્યા બાદ ચેક આપ્યો હતો તે રીટર્ન થતા વેપારી તપાસ માટે રાજકોટ આવતાં ખબર પડી કે જેને માલ મોકલ્યો છે તેવી કોઇ પેઢી જ અસ્તિત્વમાં નથી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડોદરા ખાતે સ્ક્રેપનો વ્યવસાય કરતા વેપારીને રાજકોટના ઠગ પિતા-પુત્રનો ભેટો થયો હતો. બન્નેએ રાજકોટ ખાતે મોટી પેઢી ધરાવતા હોવાનું કહી વેપારીને વાતમાં ફોસલાવ્યા હતા. બાદમાં પિતા પુત્ર બન્નેએ ૧.૭૬ કરોડનો માલ મંગાવ્યો હતો. તે પેટે પિતા પુત્રએ સિક્યુરીટી હુંતા પેટે પેઢીનો ચેક આપ્યો હતો. વેપારીએ માલ મોકલ્યા બાદ પિતા પુત્રએ ૩.૧૦ કરોડની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી આપી હતી. બાકીના પૈસા ટુંક સમયમાં ટ્રાન્સફર કરી આપશે. તેમ કહ્યા બાદ

નાણા નહીં ચુકવતા વેપારીએ બેંકમાં ચેક નાખ્યો હતો. તે પરત ફરતા વેપારી રાજકોટ દોડી આવ્યો હતો. ત્યારે તેને માલુમ પડ્યું કે, ઠગ પિતા પુત્રએ જે પેઢી દર્શાવી છે. તેનું કોઈ અસ્તિત્વ જ નથી. આ ઉપરાંત તપાસ દરમિયાન ઠગ પિતા પુત્રએ અનેક વેપારીઓને ચુનો ચોપડયો હોવાનું બહાર આવતા બન્ને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

જાણવા મળતી વિગત મુજબ, માંજલપુર અલવાનાકા વિસ્તારમાં આકાર કોમ્પ્લેક્સમાં રહેતા પંકજ સત્યપાલ સિંઘલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં રાજકોટના ૮૦ ફૂટ રોડ પર આજી વસાહતની પાછળ અજય વે બ્રિજ નામે વેપાર કરતાં સ્ક્રેપના વેપારી પિતા હરેશ સોનપાલ અને પુત્ર પંકજ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ-૨૦૨૩માં પિતા અને પુત્ર બંને મારી ઓફિસમાં આવ્યા હતાં અને રાજકોટમાં અમારો સ્ક્રેપનો મોટો ધંધો છે તમે અમને સ્ક્રેપ મોકલશો તો તુરંત પૈસા આપી દઈશું તેમ જણાવ્યું હતું. રાજકોટના બંને વેપારીઓ અંગે તપાસ કરાવતા મારા મોટાભાઈ પણ તેઓની સાથે વેપાર કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં હું પોતે પણ રાજકોટ ગયો હતો અને કંપનીમાં જઈ તપાસ કરી હતી. તા.૧૯ જુલાઈ ૨૦૨૩થી ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ સુધી કુલ રૂ.૩.૭૬ કરોડનો માલ ઓર્ડર મુજબ રાજકોટ મોકલ્યો હતો જે પૈકી રૂ.૩.૧૦ કરોડ ઓનલાઈન પેમેન્ટ મને મળી ગયું હતું જ્યારે બાકીના રૂ.૬૧ લાખ આપ્યા ન હતાં. આ અંગે ઉઘરાણી કરતાં પિતા અને પુત્રએ બે ચેક આપ્યા હતાં.

બંને ચેક બેંકમાં ડિપોઝિટ કરવા માટે હું પિતા અને પુત્રને ફોન કરતો તો તેઓ ઉપાડતા ન હતાં જેથી મેં ચેક બેંકમાં ડિપોઝિટ કરતા બંને ચેક રિટર્ન થયા હતાં. બાદમાં રાજકોટ તપાસ કરવા ગયો ત્યારે કંપની બહાર પણ અનેક વેપારીઓ પિતા અને પુત્રની તપાસ કરવા માટે આવ્યા હતાં. બંનેના ફોન પણ બંધ બતાવતા હતાં. પિતા પુત્ર બન્નેએ અનેક વેપારીઓને ચુનો ચોપડયો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી છેતરપીંડી મામલે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગર સાયબર પોલીસે રાજકોટના બે વીમા એજન્ટ અને વિદ્યાર્થીને પકડી પાડ્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના મોટી ખાવડી ગામ પાસે ટાઉનશીપમાં રહેતા એક યુવાનને તમારા પાર્સલમાં ડ્રગ્સ નીકળ્યું છે તેમ કહી ડરાવ્યા પછી બે શખ્સે પોતાની ઓળખ સીબીઆઈ તથા પોલીસ કર્મચારી તરીકે આપી દસેક મહિના પહેલાં રૂ .૧૩ લાખ એક બેંક ખાતામાં જમા કરાવી લીધા પછી મોબાઈલ ફોન બંધ કરી દીધાની સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ કરાઈ હતી જેની તપાસ દરમિયાન પોલીસે રાજકોટ રહેતા ત્રણ શખસોની અટક કરી ત્રણેયને એક દીવસના રિમાન્ડ પર લીધા છે.જામનગરના મોટી ખાવડી ગામ પાસે ટાઉનશીપમાં વસવાટ કરતા મૂળ સુરતના મેહુલ રમાકાંત પંજી નામના પ્રૌઢને ગયા માર્ચ મહિનાની તા. ૨૩ના એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. મોબાઈલના સામા છેડે રહેલા શખ્સે પોતાની ઓળખ કુરિયર સર્વિસના માણસ તરીકે આપી તમારૂ પાર્સલ આવ્યું છે તેમ જણાવ્યા પછી અન્ય શખ્સે તમારા પાર્સલમાં ડ્રગ્સ, લેપટોપ, ક્રેડીટ કાર્ડ, પાસપોર્ટ, કપડા સહિતનો સામાન નીકળ્યો છે તેમ જણાવ્યું હતું.આ શખ્સે પોતાની ઓળખ આપવા માટે વોટ્સએપમાં મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચનો બનાવટી લેટર મોકલવા ઉપરાંત પોતાની ઓળખ સીબીઆઈના કર્મચારી તરીકેની આપી મેહુલભાઈને ડરાવ્યા હતા અને જો તમારી સામે ડ્રગ્સનો ગુન્હો નોંધાશે તો તમને આજીવન કેદની સજા થઈ શકે છે તેમ કહી ધમકાવી રૂ. ૧૩ લાખ પડાવ્યા હતાં. બાદમાં મોબાઈલ બંધ કરી દીધો હતો.જે મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ જામનગર સાયબર ક્રાઈમના પીઆઈ આઈ.એ. ધાસુરા



તથા સ્ટાફે તપાસ હાથ ધરી પૈસા જે ખાતામાં ટ્રાન્સફર થયા હતાં તે રાજકોટના સાવન રસીકભાઈ વણજારા અને ચંદ્રેશ સુભાષભાઈ ભુતને પકડી પાડયા હતાં. બન્નેએ આ ખાતું રાજકોટમાં જ રહેતા ભરત લવજીભાઈ ગોવાણી નામના શખસને વાપરવા આપ્યું હોવાનું ખુલતા પોલીસે તેની પણ અટક કરી ત્રણેયને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ પર મેળવ્યા છે.આરોપીના ખાતામાં રૂ. ૫૮ લાખનો વ્યવહાર થયો છે

પોલીસ તપાસમાં બહાર આવ્યું છેકે, વીમા એજન્ટ સાવન અને ચંદ્રેશ બન્નેનું જોઈન્ટ એકાઉન્ટમાં અત્યાર સુધી રૂ. ૫૮ લાખનું આવી રીતે ફોડ ટ્રાન્જેકશન થયું છે જે તપાસમાં બહાર આવશે કે કેટલા લોકોને છેતરીને મેળવવામાં આવ્યા છે. અન્ય રાજ્યોમાં પણ ગુના નોંધાયા છે પોલીસે સાવન અને ચંદ્રેશને અટક કર્યા બાદ તેના ખાતા નંબરની તપાસ કરતા આ ખાતા નંબર સામે ગોવા, આંધ્રપ્રદેશ, તેલગામાં પણ ફોર્ડ થઈ ગુના નોંધાયા હોવાનું સામે આવતા પોલીસે આ રાજયની પોલીસનો સંપર્ક કર્યો છે.

# હાપા રેલ્વે કોલોનીમાંથી જીવિત હાલતમાં તરછોડાયેલ નવજાત શિશુ મળી આવ્યું



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની ભાગોળે હાપા રેલ્વે કોલોની વિસ્તારમાંથી તરછોડી દેવાયેલુ નવજાત શિશુ મળી આવ્યાનો બનાવ બહાર આવ્યો છે. ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને નવજાત શીશુને સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યુ હતુ.

જામનગરની ભાગોળે હાપા રેલ્વે કોલોની વિસ્તારમાં ઝાડી-ઝાંખરાઓમાં નવજાત શીશુ હોવાની જાણ થતા તુરંત જ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ટુકડી ઘટનાસ્થળ પર દોડી ગઈ હતી. પ્રાથમિક સારવાર બાદ ૧૦૮ ટુકડીએ તરછોડી દેવાયેલા જીવીત નવજાત શીશુને સારવાર અર્થે જી.જી. હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યુ હતુ.કોઈ અજાણી સ્ત્રીએ જન્મ આપીને નવજાતને તરછોડી દિધાનુ માનવામાં આવી રહયુ હતુ.

બનાવની જાણ થતા પંચ એ પોલીસે પણ ઘટનાસ્થળ પર દોડી ગઈ છે.પોલીસે સમગ્ર બનાવ મામલે વિધિવત ગુનો નોંધી દયાવિહિન અજ્ઞાત સ્ત્રીની શોધખોળ સાથે તપાસનો ધમધમાટ હાથ ધર્યા છે. આ બનાવે હાપા વિસ્તાર સહિત પંથકભરમાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી છે.

# પ્રેમી પંખીડાને ભગાડવામાં મદદ કરનાર LLBના છાત્રનું અપહરણ કરી માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ ચોટીલાનો અને હાલ રાજકોટ સોખડા રોડ ઉપર નિરાંતનગરમાં રહી એલએલબીનો અભ્યાસ કરતાં રાકેશ ડાયાભાઈ સાગઠિયા ઉ.૨૧એ ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા મિત્ર અશોક ગમારાને પ્રેમ લગ્ન કરવા હોય જેથી માર્ગદર્શન માંગતા મે મદદ કરી હતી તે પછી ૨૧ તારીખે હું નવાગામ મિત્ર પાસે હતો ત્યારે અશોકે ફોન કરી મારુ મેરેજ સર્ટિ આવી ગયું છે આજે રાત્રે ભાગી જવું છે તો ગાડીની વ્યવસ્થા કરાવી આપ ને જેથી મારા મિત્ર નીલેશને વાત કરતાં તે મોડી રાત્રે આવ્યો હતો અને બંનેને અમદાવાદ ઉતારી અમે પરત રાજકોટ આવી ગયા હતા તે પાછી ગઈકાલે હું મિત્રનું એક્ટીવા લઈને કિશાનપરા ચોક ખાતે મિત્રની ટેટ્ટૂની દુકાને ગયો હતો ત્યારે જયરાજ અને તેનો માસીનો દીકરો ભાઈ આવેલ અને અશોક વિષે પૂછતાછ કરી મને બાઈકમાં વચ્ચે બેસાડી ભીચરી ગામે મહીકાના પાટિયા પાસે લઈ ગયા હતા અને ત્યાં ફરી બધાએ અશોક વિષે પૂછી હાથમાં પહેરેલા કડાથી માર માર્યો હતો અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તે પછી જયરાજ અને તેના માસીનો દીકરો મને બાઈકમાં બેસાડી ગ્રીનલેન્ડ ચોકડી મૂકી ગયા હતા મારા ભાઈ પ્રદીપને વાત કરતાં તે આવી ગયો હતો અને મને હોસ્પિટલે ખસેડયા હતા ફરિયાદ નોંધાવતા પીઆઈ આર જી બારોટ સહિતે ગુનો નોંધી તપાસ એસીપી રાધીકા ભારાઈને સોપાઈ છે.

# વાંકાનેરના દુષ્કર્મ કેસમાં આરોપીને શંકાને આધારે નિર્દોષ જાહેર કરતી મોરબી સેસન્સ કોર્ટ



મોરબી સેસન્સ કોર્ટ દ્વારા ૨૦૧૮ના દુષ્કર્મ કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકવા આદેશ કરવામાં આવ્યો છે, જેમાં ફરિયાદ પક્ષ શંકા રહિત ગુનો સાબિત કરવામાં ન આવેલ જેથી બચાવ પક્ષની તમામ દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી સેસન્સ કોર્ટે આરોપીને શંકાને આધારે નિર્દોષ જાહેર કરતો આદેશ ફરમાવવામાં આવેલ છે. કેસની ટુક વિગત મુજબ વર્ષ ૨૦૧૮ માં વાંકાનેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ભોગ બનનાર દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવમાં આવી હતી કે આરોપી ગૌતમ ઉર્ફે ગોવલો મુળજીભાઈ ચૌહાણ બપોરના સમયમાં પીડિતાના ઘર પાસે આવી ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર મહિલાને મોટર સાયકલ ઉપર બેસાડી મોરબી કામધેનુ રિસોર્ટની પાછળ અવાવરું જગ્યામાં લઈ જઈ મહિલાની મરજી વિરુદ્ધ અને ભાઈને મારી નાખવાની ધમકી આપી મહિલા સાથે દુષ્કર્મ આચાર્યુ હતું, જે બાદ આરોપી ભોગ બનનારને પરત વાંકાનેર મૂકી ગયો હતો, જે મુજબની ફરિયાદને આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ઉપરોક્ત કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા આરોપી પક્ષે મોરબીના યુવા વકીલ જીતેનભાઈ અગેચાણીયા દ્વારા કાયદાકીય દલીલો તેમજ ઉચ્ચ અદાલતના અલગ અલગ ચૂકડાઓને કોર્ટમાં રજૂ કર્યા હતા, તેમજ દલીલ કરવામાં આવી હતી કે શંકા સાબિતીનું ક્યારેય સ્થાન ન લઈ શકે, જ્યારે ફરિયાદ પક્ષ દ્વારા ગુનો સાબિત કરવામાં પૂરતા પુરાવા આપવા નિષ્ફળ ગયી હતી, બંને પક્ષોની દલીલોને અંતે મોરબી સેસન્સ કોર્ટ દ્વારા આરોપી પક્ષના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી ચુકાદો આપ્યો હતો કે આરોપીને શંકાના આધારે નિર્દોષ છોડી મુકવા આદેશ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી તરફે મોરબીના પ્રખ્યાત એડવોકેટ જીતેન. ડી અગેચાણીયા, અશોક.જે.ખુમાણ, દિલીપભાઈ અગેચાણીયા, રવિ ડી. ચાવડા, કુલદિપ ઝિંઝુવાડીયા રોકાયેલા હતા.

# જામનગરમાં ૫ વર્ષ બાદ કોંગો ફીવરનો કેસઃ પશુપાલક આધેડનું મોત, પુણે લેબમાં રિપોર્ટ પોઝિટિવ; આરોગ્ય વિભાગ એલર્ટ



જામનગરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય પશુપાલક મોહનનું કોંગો ફીવરથી મોત નિપજ્યું છે. પાંચ વર્ષ બાદ શહેરમાં નોંધાયેલા આ કેસે આરોગ્ય વિભાગને એલર્ટ કરી દીધું છે.દર્દીને ૨૧ જાન્યુઆરીએ જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવેલા સેમ્પલમાં કોંગો ફીવર પોઝિટિવ આવ્યો છે. જામનગર મેડિકલ કોલેજના એડીશનલ ડીન ડો. એસ.એસ. ચેટરજીના જણાવ્યા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં શહેરમાં આ પ્રથમ કેસ નોંધાયો છે.કોંગો ફીવર પશુઓમાં રહેલી ઈતરડીથી માનવમાં ફેલાય છે. આ રોગ મુખ્યત્વે પશુપાલકોમાં જોવા મળે છે, જેમાં ગાય અને ભેંસના શરીર પરની ઈતરડી દ્વારા હનીમોરલ નામનો પરજીવી માનવશરીરમાં પ્રવેશે છે. રોગના મુખ્ય લક્ષણોમાં તાવ, માંસપેશીઓમાં દુખાવો, ચક્કર આવવા, માથું અને પીઠનો દુખાવો, આંખોમાં બળતરા અને ગળું બેસી જવું જેવા લક્ષણો જોવા મળે છે.જામનગર મહાનગરપાલિકા અને જેડી હોસ્પિટલની આરોગ્ય ટીમે સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધર્યું છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ આ રોગ ચેપી કે વાયરલ નથી, તેથી નાગરિકોએ ગભરાવાની જરૂર નથી.

# મોરબી જીલ્લામાં વધુ સાત વિરુદ્ધ જાહેરનામા ભંગની કાર્યવાહી

મોરબી જીલ્લામાં ગોડાઉન અને કારખાનાના માલિકો દ્વારા જાહેરનામાના ઉલ્લંઘનના વધતા કિસ્સાઓ સામે મોરબી પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગોડાઉન ભાડે આપી ભાડા કરાર ન કરવા, ઈઈઝટ કેમેરા ન લગાવવા તેમજ શ્રમિકોના આઈડી પ્રૂફ અને મોરબી એસ્સુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરાવવું જેવા નિયમભંગના કારણે સાત ગુના નોંધાયા છે. મોરબી જીલ્લા પોલીસ દ્વારા જાહેરનામા ભંગના કિસ્સાઓ સામે સતત કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે. મોરબી શહેર અને જીલ્લામાં ગોડાઉન અને કારખાના માલિકો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતા વધુ સાત ગુના નોંધાયા છે. જેમાં મોરબી સીટી નસ્ત્રઅસ્ત્રસ્ત્ર ડિવિઝન પોલીસે શનાળા ખારા વિસ્તાર, રાજપર ચોકડી અને શનાળા ગામમાં ત્રણ ગોડાઉન-માલિકો અને કારખાના માલિકો વિરુદ્ધ કાર્યવાહી કરી છે જ્યારે વાંકાનેર સીટીમાં ત્રણ અને વાંકાનેર તાલુકામાં એક મળી કુલ સાત લોકો વિરુદ્ધ જાહેરનામા ભંગ સબબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારામાં ખોવાયેલ રોકડ શોધી મૂળ માલીકને પરત કરતી ટંકારા પોલીસ



ટંકારા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલ રૂપીયા-૧૫,૫૦૦/-શોધી કાઢી મુળ માલીકને પોલીસ મથક ખાતે બોલાવી રોકડ સુપરત કર્યા. ટંકારા પોલીસ મથકમાં અરજદાર ગોવિંદભાઈ લાખાભાઈ ગોહિલ ઉવ-૫૦ રહે. લજાઇ તા.ટંકારાવાળા ખીજડીયા ચોકડીએ કામ સબબ આવતા ખીજડીયા ચોકડીએ તેઓના પેન્ટના ખીસ્સામા રહેલ રોકડ રૂપીયા ૧૫,૫૦૦/- પડી ગયેલ હોય જે અંગેની જાણ ટંકારા પોલીસ સ્ટેશને કરતા ટંકારા પોલીસ મથકના હેડ કોન્સ. શાહિદભાઈ સીદીકી તથા કોન્સ બીપીનકુમાર શેરશીયા, કરણભા વસાભા સહિતની ટીમ તાત્કાલીક બનાવ સ્થળે આજુબાજુમાં આવેલ દુકાન, પાનના ગલ્લા, રોડ રસ્તે આવતા જતા ઈસમોની પુછપરછ કરી સ્થળ પર તપાસ કરતા અરજદારનુ ખોવાયેલ પાકીટ રોકડા રૂપીયા તથા અસલ ડોક્યુમેન્ટ સાથે મળી આવતા મળી આવેલ રોકડા રૂપીયા-૧૫,૫૦૦/- મુળ માલીક ગોવિંદભાઈ ગોહિલને પરત સોપી પોલીસ પ્રજાનો મીત્ર હોવાના સુત્રને સાર્થક કર્યું છે.

# મોરબી એસઓજી ટીમે ૬ કિલોથી વધુના માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે બે પરપ્રાંતિયની અટકાયત કરી

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી એસઓજી પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે માળીયા-હળવદ રોડ નવા ધનાળા પાટીયાથી નવા ધનાળા ગામ તરફના જતા રસ્તા પરથી નાર્કોટીક્સ માદક પદાર્થ ગાંજાના ૬ કિલો ૮૯૦ ગ્રામના જથ્થા સાથે બે ઈસમને પકડી લેવામાં આવ્યા છે. હાલ પકડાયેલ બન્ને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી સબબ હળવદ પોલીસ મથકમાં સોંપી આપેલ છે. મોરબી એસઓજી ટીમના હેડ કોન્સ. જુવાનસિંહ ભરતસિંહ રાણા તથા કોન્સ આશીફભાઈ રહિમભાઈ રાઉમાને ખાનગી બાતમી મળેલ કે, અરૂણ કાલુસીંગ પટલે તથા જાકેશ કાલુસીંગ પટલે પોતાના કબ્જામા માદક પદાર્થ ગાંજો રાખી ગાંજાનુ વેચાણ કરવાની ફીરાકમા અલગ અલગ માણસોને ફોન કરતા હોય અને પોતાના હવાલાવાળુ મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એફજે-૧૫૩૫ ઉપર ગાંજાનો જથ્થો લઈ બન્ને નીકળનાર છે. જે મુજબની બાતમી આધારે એસઓજી ટીમ હળવદના નવા ધનાળા પાટીયાથી નવા ધનાળા ગામ તરફના જતા રસ્તા ઉપર વોચમાં હોય તે દરમિયાન બન્ને ઈસમો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો ૬ કિલો ૮૯૦ ગ્રામના જથ્થો કિ.રૂ.૬૮,૯૦૦/-સાથે મળી આવતા આરોપી અરૂણ કાલુસીંગ પટલે તથા જાકેશ કાલુસીંગ પટલે બન્નેરહે. મુળ મહારાષ્ટ્ર હાલ રહે. હળવદ તાલુકાના પ્રતાપગઢ ગામની સીમવાળા વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ મુજબની કાર્યવાહી કરી હતી. આ સાથે બન્ને આરોપીઓ પાસેથી માદક પદાર્થ ગાંજો, એક મોબાઈલ તથા મોટર સાયકલ સહિત કુલ કિં. રૂ.-૯૩,૯૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ સામે હળવદ પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવેલ છે.

# મોરબીમાં ગણતંત્ર દિવસની ઉજવણી સાથે ડૉ હસ્તીબેન મહેતાના ૧૬૦મા મેડિકલ કેમ્પનું આયોજન

### પત્રકાર બિપીનભાઈ વ્યાસના સૌજન્યથી સુમતીનાથનગર ડૉ. પાર્થ વ્યાસના દવાખાને નિઃશુલ્ક કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબીના વાવડી રોડ સુમતીનાથનગર ખાતે ડો. હસ્તીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ મેડિકલ કેમ્પ યોજાયો હતો, આ કેમ્પમાં દર્દીઓને મફત દવાઓ અને નિદાન સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. મોરબીના વાવડી રોડ પર સ્થિત સુમતીનાથનગર ખાતે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સ્વતંત્ર દિવસની ઉજવણી સાથે ડૉ. હસ્તીબેન મહેતાના ૧૬૦ મા નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પનું આયોજન બિપીનભાઈ વ્યાસ (પત્રકાર, મોરબી) દ્વારા ડો. પાર્થ વ્યાસના દવાખાનામાં કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦થી વધુ દર્દીઓના બ્લડ શુગર અને ૪૫ દર્દીઓના બીપી ચેક કરી આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો. જયસુખભાઈ ભાલોડિયાએ વા, સાંધા અને ઘૂંટણના દર્દીઓને પોઈન્ટ થેરાપી દ્વારા ખાસ સારવાર આપી, હતી. જેમાં ૫૦ જેટલા દર્દીઓને રાહતનો અનુભવ થયો હતો તો સાથે સાથે, આંખના નિષ્ણાત ડો. સુરેશભાઈ કાલરીયાએ ૪૦થી વધુ દર્દીઓની આંખોની ચકાસણી કરી દવાઓ અને ટીપાં આપ્યા હતા.

આ કેમ્પને સફળ બનાવવા માટે બિપીનભાઈ વ્યાસ અને તેમની ટીમે વિશેષ જહેમત ઉઠાવી હતી, આ કાર્યક્રમમાં ચંદ્રલેખા મેહતા, દર્શન ત્રિવેદી, જનક ભટ્ટ અને કોઠારીભાઈએ સેવા આપી હતી. સુમતીનાથના પૂજારી નગીનભાઈએ પણ કાર્યમાં સહયોગ આપ્યો હતો. આ તકે, ડો. પાર્થ વ્યાસના દવાખાનાના શુભારંભ પર હાજર મહેમાનો અને દર્દીઓએ શુભેચ્છાઓ સાથે આશિષ આપી અને અભિનંદન પાઠવ્યા હતા.

# ટંકારા પોલીસે બે વર્ષથી ગુમ વ્યક્તિને શોધી પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું



ટંકારા તાલુકાના નાના જડેશ્વર મંદિર ખાતેથી બે વર્ષ પહેલા ગુમ થયેલા ૫૭ વર્ષીય વ્યક્તિને સુરેન્દ્રનગર ખાતેથી શોધી ટંકારા પોલીસ દ્વારા તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ જીલ્લામાંથી ગુમ, અપહરણ થયેલ બાળકો, વ્યકિતઓને શોધી કાઢવા ખાસ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે અન્વયે ટંકારા પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩માં નોંધાયેલ ગુમ જાણવા જોગ એન્ટ્રી મુજબ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કાંતીભાઈ કરશનભાઈ અઘેડા રહે. જામકંડોરણા જી-રાજકોટ વાળાએ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ જાહેર કરી કે તે તથા તેમના મોટા ભાઇ રમેશભાઈ ઉર્ફે ભક્કાભાઈ કરશનભાઈ અઘેડા ઉવ-૫૭ વાળા ટંકારાના નાના જડેશ્વર મંદીરે ખાતે સેવા કાર્ય કરવા આવેલ હોય જે ગઈ તા.૦૯ જાન્યુ.૨૦૨૩ ના રોજ કોઈને કહ્યા વગર ક્યાંક જતા રહેલ હોય અને ગુમ થઇ ગયેલ હોય, જે ગુમ થનાર રણેશભાઈ ઉર્ફે ભક્કાભાઈ હાલમાં સુરેન્દ્રનગર ખાતે હોવાની મળેલ બાતમીને આધારે ટંકારા પોલીસ ટીમ સુરેન્દ્રનગર ખાતે તપાસ અર્થે જતા ગુમ થનાર વ્યકિત રમેશભાઈ ઉર્ફે ભક્કાભાઈ કરશનભાઈ અઘેડા ઉવ-૫૭ રહે. જામકંડોરણા જી-રાજકોટ વાળા સુરેન્દ્રનગર અનુબંધ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતેથી મળી આવ્યા હતા. જેથી ટંકારા પોલીસે ગમ થયેલ રમેશભાઈને પરિવારજનોનો સંપર્ક કરી ટંકારા પોલીસ સ્ટેશન ખાતે બોલાવી સોંપી આગળની કાર્યવાહી કરેલ છે.

# જામનગરના અંધજન કેન્દ્રની મુલાકાત લેતું NCC નેવલ યુનિટ

- ૧૦૦ દિવ્યાંગ લાભાર્થીઓને બેડશીટ-પિલો કવર્સનું વિતરણ, કેડેટ્સે જીવનની વાસ્તવિકતા જાણી



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ૮ ગુજરાત એનસીસી નેવલ યુનિટે અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રની શુભેચ્છા મુલાકાત લીધી, જ્યાં લાભાર્થીઓએ હૃદયસ્પર્શી પ્રાર્થના દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું. યુનિટના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર સ્નેહા રાય સહિત એએનઓ, પીઆઈ સ્ટાફ અને કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.તાલીમ કેન્દ્રના મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશભાઈ મંકોડી અને ગૃહપતિ જીતેન્દ્રભાઈ નંદાએ કેન્દ્રની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કેન્દ્રમાં દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવા માટે વિવિધ તાલીમ આપવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન એનસીસી યુનિટ દ્વારા ૧૦૦ લાભાર્થીઓને બેડશીટ અને પિલો કવર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.આચાર્ય માધવીબેન ભટ્ટ અને કોમ્પ્યુટર શિક્ષક નરેશ હિંડોચાએ કેડેટ્સને કેન્દ્રની પ્રવૃત્તિઓથી અવગત કરાવ્યા. અહીં અંધજનો અને મનોદિવ્યાંગ લાભાર્થીઓને કોમ્પ્યુટર, મોબાઈલ ઓપરેટિંગ, ચેસ, બ્રેઈનવિટા, સાપસીડી જેવી રમતો અને ખેલ મહાકુંભમાં ભાગ લેવાની તાલીમ આપવામાં આવે છે. તેઓ ઓડિયો પુસ્તકો દ્વારા વાંચન કરે છે અને હુન્નર શાળામાં શેતરંજી, પાથરવાના પટ્ટા જેવી જીવન ઉપયોગી વસ્તુઓ બનાવે છે.

આ મુલાકાતે નેવલ કેડેટ્સને જીવનની વાસ્તવિકતાઓ સમજવાનો અને હકારાત્મક દષ્ટિકોણ કેળવવાનો અવિસ્મરણીય અનુભવ આપ્યો. કમાન્ડિંગ ઓફિસરે તાલીમ કેન્દ્રની કામગીરીને બિરદાવી અને લાભાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# તંત્રની ઘોર બેદરકારી:સિવિલ હોસ્પિટલમાં ખાડામાં પડી જતા દર્દીનું મોત

## નવો ગેઈટ બનાવવાનું કામ ચાલુ હોઈ તેના પિલોર માટે ખોદાયેલા ખાડાને કારણે દૂર્ઘટના

**મુખ્ય સમાચાર, રાજકોટ**
તાલાલામાં બસ સ્ટેશન પાસે કર્મજયોત સોસાયટીમાં રહેતાં જગદીશભાઈ મનસુખભાઈ ચાવડા (ઉ.વ.૩૫) નામના યુવાનને પેટમાં સોજા ચડી જવાની બિમારી હોઈ ત્રણ દિવસ પહેલા તે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બતાવવા આવતાં ટ્રોમા કેર સેન્ટરમાં આવેલા વોર્ડ નં. ૧૧માં દાખલ કરાયા હતાં. જગદીશભાઈ સાથે તેમના પત્નિ રેખાબેન હોસ્પિટલમાં રોકાયા હતાં. જગદીશભાઈના ભાઈ સંજયભાઈ ચાવડા રાજકોટ રહેતાં હોઈ તે સવારે ઘરે ગયા હતાં.

દરમિયાન સવારે સાડા છએક વાગ્યે જગદીશભાઈ પોતાના બેડ પરથી નીચે લટાર મારીને આવે છે તેમ પત્નિને કહીને નીકળ્યા હતાં. ઘણો સમય વીતી ગયા છતાં પતિ પાછા ન આવતાં પત્નિએ પોતાના જેઠને જાણ કરી હતી અને પોતે શોધવા નીકળ્યા હતાં.

એ દરમિયાન ખબર પડી હતી કે ટ્રોમા વોર્ડની નજીક જ ડાબી બાજુ મુખ્ય પ્રવેશદ્વારનું કામ ચાલુ હોઈ તે તરફ બનાવાયેલા ખાડામાં કોઈ વ્યકિત પડી જતાં ઈજા થતાં ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરાયેલ છે. આથી રેખાબેન, સંજયભાઈ સહિતના તપાસ કરવા જતાં આ વ્યકિત પોતાના સ્વજન જગદીશભાઈ હોવાની ખબર પડી હતી. જો કે માથામાં હેમરેજ થઈ જવાથી તેનું મૃત્યુ થયું હતું.

મૃતક દરજી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. બે ભાઈમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એકે પુત્રી છે. સગાએ કહ્યું હતું કે જે ખાડમાં જગદીશભાઈ પડી ગયા ત્યાં કોઈ આડશ નહોતી કે ચેતવણીનું બોર્ડ નહોતું. ખાડાની પાછળના ભાગે કમ્પાઉન્ડ વોલના ખાચામાંથી ચા-ફાકી-પાનનું વેંચાણ થતું હોઈ કદાચ એ તરફ જતી વખતે અંધારાને કારણે ખાડો ન દેખાતાં તે ગબડી પડયા હશે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, અશ્વિનભાઈ, ધર્મેન્દ્રભાઈ, ભાવેશભાઈ, તૌફિકભાઈએ જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. બેદરકારી ખુલશે તો ગુનો નોંધવામાં આવશે.



# રાજકોટના લોહાણા વેપારીના પુત્રને વાંકાનેરના શખ્સે આપી જાનથી મારી નાખવાની ધમકી

## ગોંડલ રોડ પર સાગર મોટર્સ ના જાણીતા લોહાણા વેપારીએ પોલીસ કમિશનરને આપી લેખિતમાં ફરિયાદઃ વાહન ખરીદી ના બાકી નાણા નહીં આપી ધમકી આપ્યા નો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**
શહેરના અમીન માર્ગ પર રહેતા અને ગોંડલ રોડ પર જાણીતા સાગર મોટર્સ ના નામે કાર ડેકોરેશન નો વ્યવસાય કરતા જાણીતા લોહાણા વેપારી બીપીન ભાઈ રૂઘાની ના પુત્રને વાંકાનેર ના ઈસમે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ કરવામાં આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ શહેરના અમીન માર્ગ પર હરીહર સોસાયટીમાં રહેતા અને ગોંડલ રોડ પર સાગર મોટર્સ ના નામે કાર ડેકોરેશન નો વ્યવસાય ચલાવતા બીપીનભાઈ જગજીવનભાઈ રૂઘાણી નામના લોહાણા વેપારીએ અગાઉ પોતાની જીપ મોટર કાર વાકાનેર ના અમરસર પાસે શાસ્ત્રીનગર સોસાયટી માં રહેતા આશિષ નલિનભાઈ કોટેચા નામના વ્યક્તિને રૂપિયા સાડા ત્રણ લાખમાં વેચાણ કરી હોય જેનું લખાણ પણ વકીલ મારફતે કરાવ્યું હોય અને રૂપિયા એક લાખ ની રકમ બાકી રાખી હોય તે દરમિયાન લોહાણા વેપારી બીપીનભાઈ બીમાર રહેતા હોય જેથી તેઓ હાલ ડોકટરની સારવાર હેઠળ હોય તે દરમિયાન લોહાણા વેપારી બીપીનભાઈ ના પુત્ર સાગરભાઈએ આ વ્યક્તિ વાંકાનેર ના શાસ્ત્રીનગર સોસાયટીમાં રહેતા આશિષ નલિન કોટેચા ને ફોન મારફતે બાકી લેણી રકમ રૂપિયા એક લાખની ઉઘરાણી કરતા આ શકશે તેઓને મન ફાવે તેવી ગાળો ભાંડી ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપતા લોહાણા વેપારીએ શહેર પોલીસ કમિશનર ને લેખિતમાં ફરિયાદ કરી છે બનાવના પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે



# પ્રેમલગ્ન બાદ પોલીસમેન સહિતના સાસરિયા સિતમ ગુજારતા હોવાની પરિણીતાની ફરિયાદ

## દારૂ પી પતિ અને ઘરકામ બાબતે સાસુ અને સસરા ત્રાસ આપતા હોવાની ફરિયાદ

રાજકોટ માવતરે રહેતી પરિણીતાએ અમદાવાદ રહેતા એએસઆઈ પતિ સહિતના સસરીયા વિરૂદ્ધ ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ઉચ્ચશિક્ષિત પરિણીતાએ પ્રેમલગન કર્યા બાદ ઘરકામ બાબતે ત્રાસ ગુજારતા હતા. આ અંગે પોલીસે સાસરીયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ હાલ રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર નીલકંઠનગરમાં માવતરે રહેતી દર્શનાબેન હિરેનભાઈ જીતીયા (ઉ.વ.૩૩)એ મહિલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમદાવાદ વાસુદેવનગર સોસાયટીમાં રહેતા પતિ હિરેન જીવણભાઈ જીતીયા, સસરા જીવણભાઈ અને સાસુ મંજુલાબેન ના આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેણીએ બીસીએ સુધીનો અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૧૮માં તેણીએ પતિ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પતિ હિરેન છેલ્લા નવ વર્ષથી અમદાવાદ પોલીસમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. લગ્નના ૬ માસ સુધી સારી રીતે રાખ્યા બાદ ત્રાસ ગુજારવાનુ શરૂ કર્યું હતુ. પતિને દારૂ પીવાની કુટેવ હોય અવાર-નવાર દારૂ પી ઘરે આવતા અને આખો દિવસ સુતા રહેતા હતા. આ બાબતે સાસુ-સસરાને કહેતા તેઓ ઝઘડો કરતા અને ઘરકામ તેમજ રસોઈ બાબતે મેણાટોણા મારી ત્રાસ આપતા હતા. પતિને દારૂ પીવાની ના પાડતા તેઓ ઝઘડો કરીવ મારકૂટ કરતા હતા. સાસુ કહેતાથતારે જાવું હોય તો જા, મારા દિકરાને તારા જેવી સતર મળી જશે આ ઉપરાંત પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય જે બાબતે પણ માથાકૂટ થતી હતી. જેથી તેણી બે મહિનાથી માવતરે આવી ગઈ હતી. આ અંગે પરિણીતાની ફરિયાદ પરથી મહિલા પોલીસે એએસઆઈ પતિ સહિતના સાસરીયા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગંજીવાડામાં મર્ડર કેસમાં સમાધાન કરવાનું કહી યુવાન ઉપર ઈંટ વડે હુમલો

## ઓડિયા બંધુ વિરૂદ્ધ પોલીસમાં એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાતો ગુનો

ગંજીવાડામાં રહેતા અજય કરશનભાઈ વાઘેલા નામના યુવાને પોતાની ફરીયાદમા સાહીદ અશરફ ઓડીયા અને તેમના ભાઈ વિરુધ્ધ પોલીસમા ફરીયાદ નોંધાવી છે. અજયે ફરીયાદમા જણાવ્યુ હતુ કે પોતે મજુરી કામ કરે છે અને અગાઉ આરોપી સાહીદના ભાઈબંધનુ મર્ડર થયુ હોય જેમા પોતાનુ નામ ખુલતા અજયે આરોપીઓને ખુન કેસમા સમાધાન કરવાનુ કહ્યુ હતુ જેના બદલામા આરોપીઓએ પૈસાની માગણી કરતા જે ફરીયાદીને મંજુર ન હોય જે બાબતનો ખાર રાખી સાહીદ અને તેના ભાઈએ અજયને ઢીકાપાટુનો માર કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યો હતો અને માથામા ઈંટ ઝીકી હતી આ મામલે થોરાળા પોલીસે ગુનો નોંધતા એસસી એસટી સેલના એસીપી સી. એમ. પટેલ અને સ્ટાફે તપાસ શરૂ કરી છે. જયારે બીજી ઘટનામા કુવાડવા રોડ શિવરંજની પાર્ક શેરી નં ૩ મા રહેતી શ્રધ્ધાબેન ભાવીનભાઈ ચૌહાણ નામની ૨૭વર્ષની પરણીતાએ તેમના પતિ ભાવીન ગોપાલ ચૌહાણ (રહે. પંચનાથ રેસીડેન્સી શેરી નં ૧, મોરબી રોડ) વિરૂધ્ધ ધમકી આપ્યાની પોલીસમા ફરીયાદ નોંધાવી છે. શ્રધ્ધાબેને પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે રવિવારે રાત્રીના સમયે તે પોતાના મિત્ર મિતુલ રામાણી સાથે રેસકોર્ષ રીંગ રોડ પર બીગ બાઈટની સામે બેઠી હતી ત્યારે તેમનો પતિ ભાવિન ચૌહાણ ત્યા આવી જોઈ જતા મોબાઈલ લેવા બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને તેણીને ફડાકો ઝીકી દીધો હતો અને હવે કયાય ભેગી થાઈશ તો મારી નાખીશ તેમ કહી ધમકી આપી હતી આ ઘટના મામલે પ્રનગર પોલીસ મથકના એએસઆઈ ક્રિષ્નાબેન રાઠોડે તપાસ શરૂ કરી છે.

# નાકરાવાડી ગામમાં વીજ શોકથી ધોરણ ૧૦ના વિદ્યાર્થીનું મોત



રાજકોટના નાકરાવાડી ગામમાં વીજ શોકથી ધોરણ ૧૦ ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. યુવકનો પરિવાર ખેત મજુરી કરે છે. ગઈ કાલે ખેત મજુરી માટે વાડીએ ગયા હોય ત્યારે યુવકને વીજ શોક લાગતાં સારવાર કારગર નિવડે તે પહેલા જ દમ તોડી દિધો હતો.બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના નાકરાવાડી ગામમાં રહેતો સુમિત શૈલેષભાઈ સોલંકી (ઉ.વ.૧૮) નામનો યુવક ગઈ કાલ સાંજના સમયે રૈયાભાઈની વાડીએ હતો ત્યારે વાડીએ વીજ શોક લાગતાં યુવકને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક સુમિતનો પરિવાર ખેતમજુરી કરે છે. ગઈ કાલે યુવકનો પરિવાર ખેતીકામ કરવા રૈયાભાઈની વાડીએ ગયો અને યુવક પણ ત્યાંજ હતો ત્યારે ઈલેક્ટ્રિક શોક લાગતાં મોત નિપજ્યું હતું. યુવક ધોરણ ૧૦ માં અભ્યાસ કરતો હતો. અને ત્રણ ભાઈમાં મોટો હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ભુણાવા પાસે ટ્રક-બસ અથડાતા બે મહિલાના મોતઃ નવ લોકોને ઈજા



**મુખ્ય સમાચાર, ગોંડલ**
ભુણાવા પાસે બસ - ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મહિલાના મોત થયાં હતા અને બસના ચાલક, કંડકટર અને પેસેન્જર સહિત ૯ લોકોને ઈજા થઈ હતી. રાજકોટ - ભાયાવદર રુટની ખાનગી બસના ચાલકે કાબુ ગુમાવતા બસ ડિવાઈડર ઠેકી રોંગ સાઈડમાં જઈ ટ્રક સાથે અથડાઈ હતી. ઈજાગસ્તોને ગોંડલ અને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. ગોંડલ તાલુકા પોલીસે દોડી જઈ ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. બસ ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

જામકંડોરણાના નાના ભાદરા ગામે રહેતા અંકોટભાઈ હંસરાજભાઈ મકવાણા (ઉ.વ.૪૮)એ જણાવ્યું કે, હું છેલ્લા પાચેક વર્ષથી ઈન્ડીયન ગેસ કંપનીમાં ગેસના બાટલાનો ટ્રક ચલાવું છું. તા.૨૮/૧/૨૦૨૫ ના રોજ હું તથા મીલનભાઈ સંજયભાઈ દેગામા તથા ભારતીબેન સંજયભાઈ દેગામા તથા મહેશભાઈ નરશીભાઈ દેગામા (રહે.ત્રણેય નવાગામ આણંદપર તા. જિ.રાજકોટ) અમે બધા ગેસના બાટલા રાજકોટ ઈન્ડીયન ગેસની એજન્સીથી ભરીને ગોંડલ ખાતે આવેલ પી.વી. પુંજાણી ઈન્ડીયન ગેસની એજન્સી ખાતે ખાલી કરવા માટે કેએ -૫૧- એજે - ૪૧૨૭ લઈને સવારના આશરે સાડા આઠેક વાગ્યે નીકળેલ. ગોંડલ ખાતે એજન્સીમાં બાટલા ખાલી કરીને આશરે સાડા અગીયારેક વાગ્યે પરત રાજકોટ જવા માટે નીકળેલ.

હું આ ટ્રકનું ડ્રાઈવીંગ કરતો હતો. અમે ભુણાવા ચોકડી પછી આવેલ ભુવા પોલીપ્લાસ્ટ કંપની પાસે આશરે પોણા એકાદ વાગ્યાની આસપાસ પહોંચેલ. ત્યા અચાનક રાજકોટ હાઈવે રોડ તરફથી આવતી એક સફેદ કલરની બસની સાઈડમાં આશાપુરા લખેલ બસ રોડનું ડીવાઈડર ટપીને રોંગ સાઈડમાં સીધી મારાં ટ્રકના આગળના ભાગે મોરાના ભાગે ભટકાઈ હતી.

અંકોટભાઈએ વધુમાં જણાવ્યું કે, અકસ્માત બાદ હું તથા મારી સાથે રહેલ માણસો ટ્રક નીચે ઉતરી ગયેલ અને મેં બસ જોયેલ તો તે એક સફેદ કલરની આઈસર કંપનીની હતી અને સાઈડના ભાગે મોટા અક્ષરે અંગ્રેજી મા આશાપુરા લખેલ હતું. તેના રજી. નંબર જોતા જીજે -૧૧- ટીટી -૯૯૯૭ હતા. બસ નો આગળનો ભાગ તથા ડાબી બાજુ નો ભાગ ભાંગી ગયેલ હતો.

મને આ અકસ્માતમાં જમણા ભાગે પોચાના ભાગે ફ્રેક્ચર જેવી ઈજા થઈ હતી. શરીરે કાચ લાગવાથી સામાન્ય ઈજાઓ થઈ હતી. મારી સાથે રહેલ અન્ય ત્રણ માણસોને શરીરે કાચ લાગવાથી ઈજાઓ થયેલ. ત્યા સ્થળ પર ૧૦૮ એમ્બયુલન્સ આવતા બસમાં બેસેલ વ્યક્તિઓને ઈજાઓ થઈ હોય, જેથી તેમને અલગ અલગ એમ્બયુલન્સમાં સારવારમાં લઈ જવાયા હતા. ત્યાં અમારી કંપનીના બીજા ટ્રકમાં ડ્રાઈવર દીનેશભાઈ ગગજીભાઈ ડોડીયા (રહે. રાજકોટ) આવતા હોય, તે અમને લઈને રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી સુધી આવ્યા હતા.

ત્યાથી અમે ત્રણેયએ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર કરાવેલ હતી. ત્યારબાદ મને જાણવા મળેલ કે, આ અકસ્માતમાં બસમાં બેઠેલા બે મહિલા પેસેન્જરને ગંભીર ઈજા થવાથી તેમનું મોત થયું છે. મૃતક બહેનોના નામ રસ્મીતાબેન મુકેશભાઈ વઘાસીયા (ઉં. વ. ૪૭,રહે.ધોરાજી, બસ સ્ટેશન પાછળ) અને વિજયાબેન કિશોરભાઈ વાછાણી (ઉં.વ.૬૦, રહે.ઉપલેટા, ગોકુલનગર) છે.

પોલીસે ગેસ કંપનીના ટ્રક ચાલક અંકોટભાઈની ફરિયાદ પરથી બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તજવીજ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોને ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હોય શિવમ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ માધડ અને તેમના સાથે સદસ્યો ઘાયલોની સેવામાં હોસ્પિટલ દોડી આવ્યા હતા. હાઈવે પર અકસ્માતના પગલે ટ્રાફિક જામ સર્જાતા ગોંડલ તાલુકા પોલીસની ટિમો દોડી આવી હતી. ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

# વાવડી ગામે કારખાનામાં ભભૂકેલી આગમાં વધુ એક શ્રમિકનો જીવનદીપ બુઝાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**
ગોંડલ રોડ પર આવેલ વાવડી સર્વે નં. ૩૩ પ્લોટ નં. ૩૧માં આવેલી ઝા એન્ટરપ્રાઈઝ નામની સ્ક્રેપની ફેક્ટરીમાં મશીનમાં શોર્ટ સરકિટ થવાને કારણે આગ ભભૂકી ઉઠતાં મોટી નુકસાની થઈ હતી તેમજ યુપીના બે મજૂર દાઝી ગયા હતાં. જે પૈકી એકનું અઠવાડીયા પહેલા મૃત્યુ થયા બાદ વધુ એક મજૂરે સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો.

વિગત મુજબવાવડી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં સત્યનારાયણ વે બ્રિજ પાછળ આવેલા છે. એન્ટરપ્રાઈઝ નામના સ્ક્રેપના કારખાનામાં ૧૦/૧ના સાંજે મશીનરીમાં આગ ભભુક્તા નાસભાગ મચી જવા પામી હતી. બનાવ અંગે કારખાનાના માલિક ચંદુભાઈ ઝાએ તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ફાયર ફાયટરો સ્થળ પર દોડી જઈ સતત અડધો કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

કારખાનામાં આગ લાગતા કામદાર ઉદયરાજ પ્યારેભાઈ યાદવ (ઉ.વ.૪૫), મંગરે ભગવાનભાઈ દાસ (ઉ.વ.30) નામના શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. બંનેને સિવિલ હોસ્પિટલમા અને ત્યાંથી ખાનગી ખસેડાયા. ઉદયરાજ યાદવનું અઠવાડીયા પહેલા મૃત્યુ થયા બાદ મંગરે દાસનું ૨૬મી જન્યુઆરીએ સિવિલ હોસ્પિટલમાં મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અશ્વિનભાઈ રાઠોડ, તૌફિકભાઈ જુણાચ, ભાવેશભાઈ મકવાણા, ધર્મેન્દ્રભાઈ હદડે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મંગરે દાસ ચાર ભાઈ અને બે બહેનમાં સૌથી નાનો હતો. તેને સંતાનમાં ત્રણ પુત્ર છે. પોતે એકાદ મહિના પહેલા જ વાવડીની ભંગારની ફેક્ટરીમાં મજૂરી કરવા આવ્યો હતો.

# વિછીયામાં પોલીસ ઉપર પથ્થરમારો કરી ફરજ રૂકાવટ કરવાના કેસમાં બે આરોપીના આગોતરા મંજુર

હત્યાના આરોપીનું સરઘસ નહિ કઢાતા પોલીસ સ્ટેશન ઉપર થયેલા ટોળાના હુમલાના બે આરોપીની આગોતરા જામીન અરજી મંજુર થઈ છે.આ કેસની હકીકત તા.૦૬/૦૧/૨૦૨૫ના રોજ ઉપરોક્ત મામલે લોકોના ટોળા દ્વારા વિંછીયા પોલીસની ટીમ અને પોલીસ સ્ટેશન ઉપર પથ્થરમારો કરવા બાબતે ટોળા સામે ફરિયાદ થઈ હતી. તેમાં એંસીથી વધુ આરોપીઓને અટકમાં લેવાયા બાદ નીચલી કોર્ટે આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા મામલે અપીલ થતા સેશન્સે આરોપીઓનો છુટકારો ફરમાવ્યો હતો. દરમિયાન ફરિયાદ મુજબના આરોપી નં. ૬૧ રસીક સોમાભાઈ રોજાસરા તથા આરોપી નં. ૮૪ અનિલ જનકભાઈ જાંબુકીયાએ ધરપકડ થવાની દહેસતથી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી પોતાના એડવોકેટ વૈભવ બી. કુંડલીયા મારફત કરી હતી, આ અરજી ચાલવા ઉપર આવતા તેમાં હાલના કોઈ જ ગંભીર હથીયારનો ઉપયોગ બન્ને આરોપી દ્વારા કરવામાં આવ્યો નથી. જેથી આગોતરા જામીન પર છોડવા અરજ કરેલ હતી જેથી તે દલીલોને ધ્યાને લઈ સેશન્સ જજ પી.જે. તમાકુવાલાએ બન્ને આરોપીઓને શરતોને આધીન આગોતરા જામીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો હતો.આ કેસમાં બન્ને આરોપીઓ વતી યુવા એડવોકેટ વૈભવ બી. કુંડલીયા, ગૌરાંગ પી. ગોકાણી, શિવરાજસિંહ જાડેજા, અજય ઝાપડીયા, આસિ. જયદિપ ગઢીયા રોકાયા હતા.

# ભગવતીપરામાં ગૃહકલેશથી કંટાળી યુવાનનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ શહેરના ભગવતીપરામાં રહેતા યુવાને ગૃહકલેશથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. જાણવા મળતી વિગત મુજબ જયપ્રકાશનગર શેરી નં. ૧૭-૧૮માં રહેતા હંસરાજભાઈ ચતુરભાઈ કાલોદરા (ઉ.વ.૩૧) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં હંસરાજ ચારભાઈ ત્રણ બહેનમાં - વચેટ અને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ગૃહકલેશથી કંટાળી આ - પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. જ્યારે બીજા બનાવમાં દેહગામના પાટના કુવા ગામે રહેતો પ્રકાશ પૂંજાભાઈ પરમાર (ઉ.વ.૨૪) નામનો - યુવાન જય જવાન જય કિશાન સોસાયટીમાં તેના મિત્ર આશીફના ઘરે આવ્યો હતો ત્યારે ભુલથી માથાની ડાઈ પી જતાં તેને સારવાર માટે સિવિલ - હોસ્પિટલમાં ખસેડાયો છે.

# ઘૂષણખોર બાંગ્લાદેશીને નોકરી આપનાર કંપની મેનેજર, ઓરડી ભાડે આપનાર મકાન માલીક સામે ગુનો

રાજકોટ ગ્રામ્ય એસઓજીએ ગત ૨૫ તારીખે પડધરી નજીક રંગપર ગામનાં પાટીયા પાસે, રવેચી હોટલની પાછળ મારૂતી સોસાયટીના બ્લોક નં.૩માં ભાડાના મકાનમાં ગેરકાયદે બાંગ્લાદેશી રહેતા હોવાની માહીતી આધારે દરોડો પાડી બાંગ્લાદેશના બે યુવકો સોહિલહુસેન યાકુબઅલી, રિપોનહુસેન અમીરૂલ ઈસ્લામને સકંજામાં લઈ પૂછતાછ કરતા બંને બે મહીના પૂર્વે ચાર દિવસ જંગલમાં ચાલી ટ્રેન મારફતે કોલકતાથી રાજકોટ પહોંચ્યા હોવાની અને ચણોલ ગામે રહેતી રીનાની મદદથી આવ્યો હોવાની કબુલાત આપતા તેને પણ સકંજામા લઈ પુછપરછ કરતા પડધરીમાં કિંગ પોલી પ્લાસ્ટ પાઈપ નામના કારખાનામાં મજુરી કરતા હોવાનુ જણાવ્યું હતુ કોઈ પણ પરપ્રાંતિયને મિલ્કત ભાડે આપતી વખતે અને નોકરી પર કામે રાખતી વખતે નજીકના પોલીસ મથકમાં નોંધણી ફરજિયાત કરવી પડે છે આ અંગે રાજકોટ જિલ્લા અધિક કલેકટરનું જાહેરનામુ પણ છે. જો કે આ કિસ્સામાં કોઈ નોંધ પણ કરવામાં આવી ન હોય જેથી પીએસઆઈ બી.સી.મિયાત્રાએ મકાન ભાડે આપનાર માધાપરના ભુપત લાખાભાઈ બાંભવા અને કંપનીમાં કામે રાખનાર એચઆર મેનેજર પડધરીના હરેશ નાગજીભાઈ કણજારીયા સામે જાહેરનામાં ભંગનો ગુનો નોંધી બંન્નેની અટકાયત કરી હતી.

# લવ મેરેજ અંગે માતાએ ઠપકો આપતા પુત્રીનો આપઘાત

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના વડપાંચસરા ગામમાં રહેતી રવિનાબેન મલાભાઈ સાડમિયાં નામની ૧૯ વર્ષની યુવતીએ પોતાના ઘર પાસે આવેલા વાડામાં જંતુનાશક દવા પી લેતાં તેણીને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મલાભાઈ રાયમલભાઈ એ પોલીસ ને જાણ કરતાં લાલપુર પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતકે તાજેતરમાં પરિવારની જાણ બહાર મલાભાઈ સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા, તેથી માતાએ ઠપકો આપતાં માઠું લાગવાથી આ પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે.

# સોમનાથ સોસાયટીમાં બેભાન થઈ જતા શ્રમીકનું મોત

- હુડકો કવાર્ટરમાં રિક્ષાચાલકે બેભાન હાલતમાં દમ તોડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**
સોમનાથ સોસાયટીમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક યુવાનનું હ્રદયરોગના હુમલાથી મોત નીપજયું છે. જયારે હુડકો કક્વાર્ટરમાં બેભાન થઈ જતા રીક્ષાચાલક યુવાનનું મૃત્યુ નીપજયું છે.



જાણવા મળતી વિગત મુજબ રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે આવેલી સોમનાથ સોસાયટી શેરી નં.૯માં રહેતા ધર્મેન્દ્રભાઈ ગંગાપ્રસાદ શાહની (ઉ.વ.૪૪) નામનો યુવાન પોતાના ઘરે બેભાન થઈ ઢળી પડતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઈ બે બહેનમાં વચેટ અને કલરનો કોન્ટ્રાકટ રાખતા હતા તેઓ મુળ ઉતરપ્રદેશના વતની છે. તેમને સંતાનમાં ત્રણ પુત્ર છે. હાર્ટ એટેકથી મોત થયાનું જાણવા મળ્યું છે.

જયારે બીજા બનાવમાં કોઠારીયા રોડ પર હુડકો કવાર્ટરમાં રહેતા ઉમેશભાઈ કનુભાઈ ધોળકીયા (ઉ.૩૯) નામના યુવાનનું બેભાન થઈ જતા મોત નીપજયું હતું. પ્રાથમિક તપાસમાં એક ભાઈએ બે બહેનમાં મોટા અને રીક્ષા ચાલક હતા.

# ફરિયાદ ખેંચી લેજે, ગામ મૂકીને જતો રહેજે કહી તાલુકા પંચાયતના પ્રમુખે પાઈપ ધોકાથી માર માર્યો

## સણોસરા ગામે થયેલ હુમલામાં વળતી ફરીયાદઃ કુવાડવા રોડ પોલીસ મથકમાં ત્રણ સામે નોંધાતો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**
રાજકોટના સણોસરા ગામે પ્રજાસતાક પર્વના દિવસે રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ ઉપર હુમલો થયાની ઘટનામાં વિધર્મી સામે ફરીયાદ નોંધાયા બાદ હવે આરોપીએ પણ ત્રણ સામે વળતી ફરિયાદ નોંધાવી છે જેમાં ફરિયાદ પાછી ખેચી લેવા અને ગામ મૂકીને જતો રહેવાની ધમકી આપી ધોકા-પાઈપથી માર માર્યાની તાલુકા પંચાયતના પ્રમુખ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે.

સણોસરા ગામે રહેતા ઈલિયાસ રહિમભાઈ શેરસીયા ઉ.૪૧એ ચેતન ચંદુભાઈ કથીરિયા, રવિ ચંદુભાઈ કથીરિયા અને ચોંટી રાજસ્થાની સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૬ તારીખે ગામના ગેટ પાસે હતો ત્યારે ત્રણેય મારી પાસે ધસી આવ્યા હતા અને તું સાજો થઈ ગયો અમારું કોઈ કાઈ બગાડી નહીં લ્યે તેમ કહી ધોકા-પાઈ પથી માર માર્યો હતો અને તારી ફરિયાદ પાછી ખેંચી લેજે, ગામ મૂકીને જતો રહેજે કહી ધમકી આપી હોવાનું જણાવ્યું હતું હોસ્પિટલમાં દાખલ થતાં ફ્રેકચર હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું જેથી આ અંગે ફરિયાદ નોંધાવતા પીઆઈ રજીયા સહિતે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લજાઈ નજીક એસએમસીના દરોડાને પગલે ટંકારાના બીટ જમાદાર સસ્પેન્ડ

ટંકારા તાલુકાના લજાઈ ગામની સીમમાં આવેલ જીઆઈડીસી વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી પાડેલા દરોડાની પાછોતરી અસર રૂપે જિલ્લા પોલીસ વડાએ ટંકારા પોલીસ મથકના બીટ જમાદારને સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં ફફડાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પાંચેક દિવસ પૂર્વે ટંકારા તાલુકાના લજાઈ ગામની સીમમાં ભરડીયા રોડ ઉપર આવેલ જીઆઈડીસીમાં સંકલ્પ ગોડાઉનમાં દરોડો પાડી રૂપિયા ૧૧,૮૧,૪૧૪ની કિંમતનો વિદેશી દારૂનો ૨૧૪૭ બોટલ દારૂ કબ્જે કર્યો હતો. બીજી તરફ આ દરોડા બાદ ટંકારા પોલીસની બેદરકારી સામે આવતા જિલ્લા પોલીસ વડાએ ટંકારા પોલીસ મથકના બીટ જમાદાર શાહિદભાઈ સિદિકીને સસ્પેન્ડ કરી નાખ્યા છે.